સૌરાષ્ટ્ર વિશ્વ વિદ્યાલય અને નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયના
બી.એ. ઈતિહાસ સેમેસ્ટર-૪ ના વિદ્યાર્થીઓ માટે રીડીગ મટિરિયલ
પેપર-૧૦ 'સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ રાજવીઓ'

ડૉ.પ્રદ્યુમ્ન ખાચર- ડૉ.ધીરૂભાઈ વાળા

યુનિટ-૨

૩- દોલતસિંહજી (લીંબડી)ની કારકિર્દી અને પ્રજાકલ્યાણના કાર્યો

૪- દાજીરાજજી (વઢવાણ) ની કારકિર્દી અને પ્રજાકલ્યાણના કાર્યો

૫- અમરસિંહજી (વાંકાનેર)ની કારકિર્દી અને પ્રજાકલ્યાણના કાર્યો

દોલતસિંહજી (લીંબડી)ની કારકિર્દી અને પ્રજાકલ્યાણના કાર્યો

ડૉ.ખાચર-ડૉ.વાળા

"નવેસરથી બંધાયેલ લીંબડી શહેર, માળવાળા ઊંચા સુંદર મકાનો, ૬૫ ફૂટ પહોળા રસ્તા, સુંદર બગીચાઓ, નવી ટ્રામ લાઇન્સો, મોટર સર્વિસો, લોકોની અવિશ્રાંત અવર જવર, રૂના મોટા મથકોમાં જતી રૂની સંખ્યાબંધ ગાંસડીઓ, વધતો જતો વ્યાપાર, લોકોની સુખ સમૃદ્ધિ અને લીંબડીની વધતી જતી પ્રતિષ્ઠા એ સર્વે નામદાર ઠાકોર સાહેબના પોતાની પ્રજા પ્રત્યેના પ્રેમ અને સંભાળના સુંદર પરિણામો છે."

---- ઈલિઝાબેથ શાર્પ

પ્રસ્તાવના

લીંબડીએ કાઠિયાવાડનું એક મહત્વનું ઝાલાવંશનું રાજ્ય હતું. લીંબડી રાજ્યના ઝાલાવંશની સ્થાપના હરપાળદેવના પુત્ર માંગુજીએ કરી હતી. લીંબડી રાજ્યની રાજધાની શરૂઆતમાં જાંબુ અને શિયાણી ખાતે હતી. ત્યારબાદ છેલ્લે લીંબડીમાં રાજધાની આવી હતી. લીંબડી રાજ્યમાં કુલ સ્વતંત્ર ૮૪ ગામોનો સમાવેશ થતો હતો. લીંબડી રાજ્યનો વિસ્તાર ૩૪૩ ચોરસ માઈલ હતો. અને ઈ.સ.૧૯૩૫માં રૂ.૯ લાખ વાર્ષિક આવક અને રૂ. ૭ લાખની વાર્ષિક જાવક હતી.

માંગુજીથી શરૂ કરીને દોલતસિંહજી લીંબડીના ૩૬ માં શાસક બનવાનું માન મેળવનારા હતા. દોલતસિંહજી એવા ભાગ્યશાળી હતા કે પોતે રાજગાદીના સીધા વારસદાર ન હતા. તેમ છતાં તેમને રાજગાદી મળી અને એમની પહેલાંના ઠાકોર સાહેબ જસવંતસિંહજીના ઉદાર અને પ્રતિભાશાળી વર્તન વ્યવહાર તથા રાજ્ય વહીવટીનો લાભ મળ્યો હતો. જસવંતસિંહજી ૪૮ વર્ષની ઉંમરે તા.૧૫-૦૪-૧૯૦૭ માં અપુત્ર અવસાન પામતાં તેમની ગાદી ખાલી પડતાં એકાદ વર્ષના સમયગાળા દરમ્યાન અન્ય ઝાલા

રજવાડાઓ અને ભાયાતો રાજગાદી માટે ઝઘડો ચાલ્યો ત્યારે એક વર્ષ બ્રિટીશ સરકારે વહીવટ સંભાળી લીધો હતો. એ પછી બધી કાયદા કાનૂનોની લડતો આટોપાતા દોલતસિંહજીને લીંબડીના શાસક તરીકે બ્રિટીશ સરકારે સ્વીકાર્યા હતા.

બાળપણ

દોલતસિંહજીનો જન્મ તા.૧૧-૦૭-૧૮૬૮ના રોજ બોડી ગામ ખાતે પિતા મુળુભા અને માતા જીજીબાને ઘેર થયો હતો. જેમનું મૂળ નામ દાદભા હતું. તેઓ બાલ્યાવસ્થાથી જ અસામાન્ય બુદ્ધિ અને તીવ્ર સ્મરણ શક્તિ ધરાવતા હતા. ચાર વર્ષની વય પછીના તેમને દરેક પ્રસંગો યાદ રહેતાં હતા. એવું તેમના જીવન ચરિત્રમાંથી જાણી શકાય છે.

કોઇપણ બાળકની સાચી ઓળખ એનું બાળપણ જ આપી દેતું હોય છે અને એના બાળપણ ઉપર નજર ફેરવતાં જ તેમના ભૂત અને ભવિષ્યના જીવન કાર્યનો મોટેભાગે ખ્યાલ આવી જતો હોય છે. દોલતસિંહજીએ બોડી ગામની ગામઠી બ્રાહ્મણની નિશાળમાં પ્રાદેશિક શિક્ષણ મેળવ્યું હતું. એ વખતે જ તેઓ સૌથી હોશિયાર અને ઝડપથી શીખી લેતા વિદ્યાર્થી તરીકે એ પ્રસિદ્ધ થયા હતા. જ્યારે તેમને પોતાના શિક્ષકમાં કેટલાંક ગુણો ન બંધ બેસતા બધા વિદ્યાર્થીઓને ભેગા રાખીને બંડ પણ કરતાં હતા. જેઓનો પ્રિય વિષય ગણિત હતો અને ગણતરીમાં તેમની જબરદસ્ત આવડત હતી.

રાજ દોલતસિંહજી – લીંબડી

બોડી પછી તેઓને જામનગરની એંગ્લો વર્નાક્યુલર સ્કૂલમાં અંગ્રેજી શિક્ષણ મેળવ્યું હતું. ૧૫ વર્ષની ઉંમરે તેમના લગ્ન ૧૧ વર્ષના કુંવરી બાલુબા સાથે થયા હતા. આગળ જતાં તેઓએ ૨૦ વર્ષની ઉંમરે જામનગરમાં ઈમ્પીરીયલ લાન્સર્સમાં નોકરી પ્રાપ્ત કરી હતી. પોલીસ ખાતાની નોકરીની શરૂઆતના છ માસમાં તેમને છ વાર પ્રમોશન મળ્યા હતા. જે બાબત તેમની કાર્યકુશળતા, ઉત્સાહ બતાવે છે.

કારકિર્દી ઘડનાર પરિબળો

દોલતસિંહજી નાના એવા ગામમાં જન્મ્યા હતા. તથા પ્રારંભિક કેળવણી પણ તેમણે એવી કોઈ ખ્યાતનામ સંસ્થામાં લીધી ન હતી. તેમ છતાં તેઓ પોતાની અંગત ધગશ, ધૈર્ય અને સહનશીલતાના ગુણોને હિસાબે પોતાની મેળે આગળ વધ્યા હતા. ક્યારેક તો તેઓ શિક્ષકો પ્રત્યે પણ પોતાની આગળ પડતી બુદ્ધિ પ્રતિભાથી નિરાશ થતાં અવાજ ઉઠાવતાં અને પોતાને સાચું લાગતું કાર્ય કરતાં હોવાનું જણાય છે. તેમની બહુમુખી પ્રતિભા ઘડતરમાં તેમના માતા-પિતા, પ્રારંભિક કાળના શિક્ષકો અને પોલીસ ખાતા અને લશ્કરનાં અધિકારીઓનો મહત્વનો ફાળો રહેલો હતો. તેમનું સમગ્ર જીવન ઘડતર

અને શિસ્ત પોતાની નોકરીકાળ દરમ્યાન ઘડાયું. આ નોકરી દરમ્યાન જ પોતે પોતાનું એક સજ્જન, કડક અને નિષ્ઠાવાન વ્યક્તિ તરીકે નામ જાહેર કરી દીધું હતું. પોતાના આવા ગુણો અને કાર્યના હિસાબે જ અપુત્ર જસવંતસિંહજીને પોતાના વારસદાર તરીકે ગમી ગયા હતા. ટૂંકમાં એમ કહી શકાય કે દોલતસિંહજીએ એક એવું વ્યક્તિત્વ હતા કે તેઓ પોતે જ પોતાના શિલ્પી બન્યા અને એક નાના હોદ્દાથી શરૂઆત કરીને રાજવી સુધીના ઉચ્ચત્તમ શ્રેષ્ઠ હોદ્દા સુધી પહોંચી શક્યા હતા.

રાજ્યાભિષેક

જસવંતસિંહજીના અવસાન બાદ કેટલાંક સમય લીંબડીની રાજગાદીએ કોણ બેસે કે કોનો વધુ અધિકાર રહેલો છે. તે બાબતે ઝઘડાઓ ચાલ્યા હતા. આ પછી આખરે તા.૧૪-૦૪-૧૯૦૮ના રોજ દોલતસિંહજીને બ્રિટીશ સરકાર તરફથી લીંબડીના શાસક તરીકેનો ખરીતો મિ. ફિટઝરલેન્ડના હાથે એનાયત કરવામાં આવ્યો હતો. આ પછી તા.૦૭-૦૫-૧૯૦૮ના રોજ હિંદુ ક્ષત્રિય પરંપરા મુજબ રાજ પુરોહિતે રાજ્યાભિષેકની પરંપરાગત વિધિ કરાવી તેમણે સિંહાસને બેસાડ્યા હતા.

તેઓનું અંગત જીવન ખૂબ જ શુદ્ધ અને પ્રેરણાદાયક હતું, તેઓ તમાકુ અને દારૂના વ્યસનથી દૂર હતા,તથા તેઓ માંસાહાર કરતા નહી અને દિવસમાં એક જ વખત ભોજન લેતા અને સાંજે દૂધ અને ફળાહાર કરતા હતા. તેઓ કાયમી વહેલા ત્રણ વાગ્યે ઉઠી જઈ પ્રભુભક્તિ કરતા અને રાજ્યની ઓફીસના કામમાં ત્રણ કલાક રોકાતા હતા. લોકોમાં તેમની ચાહતા એવી હતી કે લોકો તેમના દર્શન કરવાની, પગે લાગવાની, પોતાના વિવિધ પ્રકારના દુ:ખોમાં માનતાઓ કરતા હતા. તેમજ તેઓએ કાયમને માટે સ્વચ્છ સાદો પોશાક ધારણ કર્યો હતો.

લીંબડીની રાજગાદી મેળવવા અન્ય કેટલાંક વ્યક્તિઓએ છેક ઈંગ્લેંડમાં સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા સુધી પોતાના દાવાઓ રજુ કર્યા પણ ગાદીનું ભાગ્ય દોલતસિંહજીના હાથમાં લખાયું હતું.તેથી તેઓ દાદભા માંથી દોલતસિંહજી નામ ધારણ કરી દબદબાપૂર્વક ગાદીએ બેઠા હતા.

પ્રજા કલ્યાણના કાર્યો

જે શાસકોએ શિક્ષણ મેળવ્યું હોય તથા રાજગાદી સંભાળતા પહેલાં કોઈ ઉચ્ચ હોદ્દાની જવાબદારી સંભાળી રાજ્ય વહીવટનો અનુભવ મેળવ્યો હોય એવા શાસકો પોતાના હાથમાં જવાબદારી આવતા વધુ સફળ બનેલા જણાય છે. અહીં દોલતસિંહજી પણ રાજગાદી સંભાળતા પહેલાં દેશ-વિદેશના કેટલાંક અનુભવો મેળવેલા અને ઈમ્પીરીયલ ટ્રૂપ્સમાં ફરજ બજાવતાં વ્યક્તિ હતા. તથા તેમણે લીંબડીના ભૂતપૂર્વ શાસક જસવંતસિંહજીને નજીકથી જોયેલાં, જાણેલા હતા. એજ રીતે સામે પક્ષે જસવંતસિંહજીને પણ દોલતસિંહજી તરફ ખૂબ જ વિશ્વાસ અને પોતાના વારસદાર તરીકે સ્થાપવાનો દ્રઢ વિચાર હતો. આથી ભલે તેઓ સીધા વારસદાર નહોતા તો

રાજ દોલતસિંહજી- લીંબડી

પણ દોલતસિંહજીએ રાજ્યની તમામ નીતિરીતિને ખૂબ સરસ રીતે અપનાવી લીધી અપનાવી લીધી અને રાજ્ય સંભાળ્યું હતું.

૧. વહીવટીતંત્ર

દોલતસિંહજીના સમયમાં લીંબડી રાજ્યે અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી કેટલાંક સુધારાઓ કર્યા હતા. રાજ્યને અલગ પ્રતિક, રાજધ્વજ અને રાજગીત, રાજકવિ વગેરે પણ પ્રાપ્ત થયા હતા. લીંબડી રાજ્યના વહીવટીતંત્રમાં સૌથી ઉચ્ચ હોદ્દો અને આખરી સત્તા રાજવીના હાથમાં હતી. વહીવટીતંત્રના વડા તરીકે રાજા હતા. તેનો ખિતાબ ઠાકોર સાહેબનો હતો. રાજા પછી બીજો મહત્વનો હોદ્દો મુખ્ય કારભારી કે દીવાનનો હતો. જે સમગ્ર રાજ્યના બધા જ ખાતાઓ ઉપર દેખરેખ રાખતો અને પ્રજા - રાજા વચ્ચેનો એક મહત્વનો સેતુબંધરૂપ વ્યક્તિ હતો. આ સિવાય રાજ્યમાં અન્ય બીજા અધિકારીઓ રહેતા જેમાં રેવન્યુ કારભારી, જ્યુડીશીયલ કારભારી, ફાઈનાન્સ કારભારી, પોલિટીકલ સેક્રેટરી, પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ, સ્ટેટ એન્જીનીયર, એજ્યુકેશનલ ઇસ્પેકટર, ચીફ મેડિકલ ઓફિસર, સ્પેશિયલ ઓફિસર, વેટનરી સર્જન અને સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ રેકોર્ડઝ નામના અધિકારીઓ રહેતા હતા અને તેઓ આખા રાજ્યનો વહીવટ વિશિષ્ટ કાર્યોથી સંભાળતા હતા. વહીવટીતંત્રના મુખ્ય અને ચાવીરૂપ હોદ્દાઓ ઉપર મોટેભાગે જો તે શિક્ષિત હોય તો રાજકુટુંબના વ્યક્તિઓમાંથી જ નિમણૂંક કરવામાં આવતી હતી. રાજ્ય આખા વર્ષ દરમ્યાન કેવું કામ કરી રહ્યું છે. તેની તલસ્પર્શી માહિતી આવક-જાવક, હિસાબો તથા રાજ્યની ગતિવિધિ ઓની વાત રાજ્યના ગેઝેટમાં છાપવામાં આવતી હતી. જેથી કરીને પ્રજાજનો પોતાના રાજ્યનો વહીવટ ક્યાં પ્રકારનો થઈ રહ્યો છે. તે રાજાશાહીના યુગમાં પણ જાણી શકતા હતા.

રાજાશાહી હોવા છતાં પણ ધીરે ધીરે વીસમી સદીના પ્રારંભે રાજવીઓ પોતાના હાથમાં જ તમામ સત્તા રાખવાને બદલે શહેર સુધરાઈઓ અને નગરપાલિકાઓના બોર્ડ બનાવી તેને સત્તા સોંપવા મંડ્યા હતા. એ મુજબ લીંબડીમાં પણ ઈ.સ.૧૯૩૫માં શહેર સુધરાઈની સ્થાપના થઈ હતી. જેમાં કુલ ૩૦ સભ્યો રહેતા. ૧૮ પ્રજાવર્ગના અને ૧૨ અધિકારીવર્ગના તે શહેરની જીવન જરૂરયાતની સુવિધાઓનું સંચાલન કરતાં હતા.

૨. ખેતીને લગતાં વિવિધ કાર્યો

રાજ્યના મુખ્ય આવક ખેતીની હોવાથી સ્વાભાવિક છે કે જે રાજ્ય ખેડૂતો અને ખેતી તરફ વધુ ધ્યાન ન આપે તેના રાજ્ય અને પ્રજા બંનેને નુકશાન થાય આથી લીંબડી રાજ્યે આ પ્રશ્નનો સામનો ન કરવો પડે એટલા માટે ખેડૂતો વિશે વિચારવાનું શરૂ કર્યું અને રાજ્યમાં કેટલીક જમીનો પડતર હતી જે તે ખેડૂત ખેડે તેને ત્રણ વર્ષ સુધીનું મહેસુલ માફ કરવાની યોજના કરી તેથી ખેતીની જમીનનો વિસ્તાર વધારવાની શરૂઆત થઈ હતી. ઈ.સ.૧૯૦૮માં ખેતી હેઠળની જમીન લગભગ ૧૧૫૮૮૬ એકર હતી. તે વધીને ૧૯૩૫માં ખેતી હેઠળની ૧૮૦૫૮૦ એકર જમીન થઈ હતી. આ ઉપરાંત ઈ.સ.૧૯૧૫માં એક ખાસ કાયદો કરી ખેડૂતોને કરજમુક્ત કરવામાં આપ્યા. રાજ્યે ગરીબ ખેડૂતોનો રૂ. ૩૩૨૪૬૫ જેટલું સરકારી કરજ માફ કર્યું હતું. ઈ.સ.૧૯૧૦માં લીંબડીમાં સહકારી બેંકની શરૂઆત કરવામાં આવી અને એ બેંકમાંથી ખેડૂતોને ઓછા વ્યાજે લોન ધીરવામાં આવતી હતા. દુષ્કાળનો સામનો કરવા માટે રાજ્યે કેટલાંક પગલાંઓ ભર્યા અને ઘાસ સંગ્રહ કરવાની નીતિને પ્રોત્સાહન આપવામાં આવ્યું કે જે ખેડૂત મોટા

જથ્થામાં ઘાસનો સંગ્રહ કરશે તેને રાજ્ય પાઘડી બંધાવીને સન્માન કરવામાં આવશે. લીંબડી રાજ્યના ખેડૂતોનો મુખ્ય પાક કપાસનો હતો અને રાજ્યની આ સુધારાવાદી નીતિને હિસાબે એ વેપાર પણ વિકસ્યો તેથી જીનીંગ ફેક્ટરીઓની સંખ્યા બે હતી તેની જગ્યાએ છ ની થઈ ગઈ અને એક પ્રેસિંગ ફેક્ટરી પણ સ્થપાઈ હતી.

૩. ઉદ્યોગ અને વ્યાપાર

લીંબડી રાજ્યમાં ખેડૂતોને ઉત્તેજન મળવાથી અને કપાસનું વધુ પ્રમાણમાં ઉત્પાદન થવાને લીધે લીંબડીમાં ૫૦૦૦ ગાંસડીઓનું રૂ બંધાતું હતું. તે વધીને ૧૫૦૦૦ ગાંસડીઓએ પહોંચી ગયું. આ સમયમાં લીંબડીમાં સાબુના કારખાના ૪, કપડા વણવાની સાળો ૩૦૦, ટાઇપ ફાઉન્ડ્રી, બ્રાસ ફેક્ટરી, નિકલ પ્લેટીંગની ફેક્ટરી સ્થપાઈ હતી. આ સિવાય આ સમયે લીંબડી રાજ્યમાં છીંકણી, હાથીદાંત, સુડી, છરી-છપ્પા અને પિત્તળના વાસણોનો ઉદ્યોગ પણ સારી રીતે વિકાસ પામ્યો હતો.

૪. નવા ગામડાઓની સ્થાપના

કોઇપણ શાસકો પોતાના રાજ્ય અને પ્રજાજનોને કઈ રીતે વધુ ફાયદો થઈ શકે છે. અને સુખ સગવડતાઓ વધે છે. તે મોટે ભાગે વિચારવાનું હોય છે. આથી રાજ્ય આવક વધારવા ગામની સંખ્યા વધારવા તથા નવી જમીનો જતાં જ્યાં ખેડવાણ કરવામાં આવી હોય ત્યાં ખેડૂતોને જમીનથી નજીકમાં જ વસવાટનું સ્થળ પ્રાપ્ત થાય એ માટે નવા ગામડાઓ વસાવવામાં આવતા હતા. આ નવું સ્થપાનાર ગામનું તોરણ કોઈ ખેડૂત કે નાનામાં નાની વ્યક્તિના હાથે રાજવીઓ બંધાવતા હતા. દોલતસિંહજીએ પોતાના કાર્યકાળ દરમ્યાન (૧) દોલતપર (૨) દિગ્વિજયગઢ (૩) રામરાજપર (૪) રાણાગઢ (૫) નટવરગઢ (૬) પ્રતાપગઢ (૭) ઘનશ્યામપર, આ સાત ગામ વસાવવામાં આવ્યા હતા.

૫. સામાજિકક્ષેત્રે સુધારા

દોલતસિંહજી રાજવી થયા પૂર્વે પોલીસ અધિકારી હતા. પણ પોતે તત્વજ્ઞાની અને દયાળુ શાસક હતા. આથી તેમના મનમાં પ્રજહિતનો ખ્યાલ વધુ ભરેલો હતો. જેથી તેમણે દારૂના ઉત્પાદન અને વેચાણમાંથી વાર્ષિક આવક ૧૫-૨૦ હજાર થતી હતી. તે જતી કરીને દારૂના ઉત્પાદન અને વેચાણ ઉપર કડક પ્રતિબંધ મૂક્યો હતો. ઈ.સ.૧૯૧૨માં બાળલગ્ન ઉપર પ્રતિબંધ મૂક્યો, મૃત્યુ પછી રડવા-કૂટવાના રિવાજ ઉપર પ્રતિબંધ, ભીખ માંગવા ઉપર પ્રતિબંધ, પવિત્ર તહેવારો અને શ્રાવણ માસમાં પશુવધ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો તથા રાજ્યમાંથી ગાયની નિકાસ ઉપર પણ પ્રતિબંધ મૂક્યો હતો. આ પ્રકારના સુધારા કરી દોલતસિંહજીએ લીંબડીમાં વસતા જૈન સમાજની લાગણીઓ અને માંગણી સ્વીકારી તેના દિલ જીતી લીધા હતા. સામાજિક સુધારણાના આવા કાયદાઓ કરવામાં તેમણે પોતાની કડકાઈ વાપરીને લોકોને તેમના વહીવટીતંત્રએ દુષણો સમજાવીને રોષ ઠારવાની કોશિષ કરી હતી.

૬. કેળવણીના ક્ષેત્રે

દોલતસિંહજીને કેળવણી ક્ષેત્રેમાં અનેરો રસ હતો. તેથી તેમણે આ બાબતે ખૂબ ધ્યાન આપી કેટલાંક મૂળગત સુધારાઓ કરાવ્યા. લીંબડીમાં પ્રાથમિકતા મેટ્રિક સુધીનું શિક્ષણ રાજ્યના ખર્ચે અપાતું હતું. પ્રાથમિક શિક્ષણ ફરજીયાત હતું. પણ કન્યાઓને માટે શિક્ષણ ફરજીયાત નહોતું તેથી તેને

પ્રોત્સાહન આપવા માટે જે કન્યા શિક્ષણ લેતી થાય તેને રાજ્ય પુસ્તકો, કપડાં અને અન્ય સાધનોની મદદ કરતું હતું.

લીંબડીમાં વિખ્યાત જસવંતસિંહજી હાઇસ્કૂલ હતી. આ હાઇસ્કૂલને ઈ.સ.૧૯૨૮માં શિક્ષણ ખાતાના પ્રધાન મી. એમ.આર.પ્રાંજપે મુંબઈ રાજ્યની શ્રેષ્ઠ ૧૦ હાઇસ્કૂલોમાં આ હાઇસ્કૂલનો સમાવેશ કર્યો હતો. રાજ્ય તરફથી ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તથા હોશિયાર વિદ્યાર્થીને વિદેશ જવાની સગવડ આપવામાં આવતી હતી.

લીંબડીમાં કન્યાશાળા ઈ.સ.૧૮૫૯ થી હતી. પરંતુ કન્યાશાળાનું નવું મકાન રૂ. ૨૫૦૦૦ ના ખર્ચે બાંધતા તેનું ઉદઘાટન મુંબઈના ગવર્નર લોર્ડ વિલિંગ્ડનના પત્ની લેડી હેલન ગ્રેસીના હસ્તે ૧૯૧૬માં કરવામાં આવ્યું અને તેનું નામ લેડી વિલિંગ્ડન ગર્લ્સ હાઇસ્કૂલ રાખવામાં આવ્યું હતું. દોલતસિંહજીએ લીંબડીમાં બહારગામથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓના આવાસ માટે વિદ્યાર્થી ભવનો સ્થાપવા માટે જમીન અને રોકડ દાનમાં આપી હતી. દા.ત. ધ કિંગ્સ જ્યોર્જ કોરેનેશન હોસ્ટેલ (૧૯૧૩), શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થી ભવન (૧૯૧૭), ઔદિચ્ય બ્રાહ્મણ વિદ્યાર્થી ભવન (૧૯૨૪) માં શરૂ થયા હતા. આ ઉપરાંત દોલતસિંહજીએ બનારસ હિંદુ યુનિવર્સીટીને રૂ. એક લાખનું દાન આપ્યું હતું. તેમજ અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓને રાજ્ય તરફથી દાન આપવામાં આવતું હતું. ૧૯૧૪-૧૫માં રાજ્યના ગામોમાં પાંચ ફરતાં પુસ્તકાલયો શરૂ કરવામાં આવ્યા હતા. દોલતસિંહજીએ રમત-ગમતની પ્રવૃત્તિના વિકાસ માટે પણ ઉદાર હાથે દાન આપ્યું હતું.

૭. વૈદ્યકીય સારવાર

રાજાશાહીના સમયમાં સામાન્ય પ્રજાજનોની આવક બહુ જ ઓછી હતી.તેથી ખુદ તો માંદગીના સમયે પોતાની સારવાર કરાવી શકે તેમ ન હતા. આથી મોટેભાગે રાજવીઓ જ લોકોની સારવારની વ્યવસ્થા ઊભી કરતા હતા. લીંબડી રાજ્યમાં દવાખનામાં મફત સારવાર અપાતી હતી. રાજ્યમાં ૧૯૦૮માં એક હોસ્પીટલ હતી તે વધીને ૧૯૩૫માં આઠની થઈ હતી. દોલતસિંહજીએ પોતાના રાજ્ય આવતો રજતજયંતી મહોત્સવ ઉજવાયો ત્યારે ઈ.સ.૧૯૩૫માં રામરાજેન્દ્રસિંહજી હોસ્પીટલ ખોલવામાં આવી અને એના નિભાવ માટે રૂ. ૧૧૦૦૦ નું અલગ ભંડોળ રાખવામાં આવતું હતું. ઉપરાંત રામરાજપર ગામની વાર્ષિક ઉપજ તેના નિભાવ ખર્ચ માટે આપવામાં આવતી હતી. ધીરે ધીરે હોસ્પીટલમાં ઓપરેશન થિયેટર, એક્સરે મશીનો એ બધું જ વસાવવામાં આવ્યું હતું. દોલતસિંહજીએ તેના પિતાની યાદગીરીમાં લીંબડીમાં મુળજી દેશી દવાખાનું શરૂ કર્યું હતું. જેમાં નિશુલ્ક સારવાર અપાતી હતી.

૮. પાણી વીજળી અને ટ્રામની સુવિધા

લીંબડી રાજ્યના વિસ્તારમાં પાણીની તંગી રહેતી આવી એ મુશ્કેલીને નિવારવા દોલતસિંહજીએ છાલીયા તળાવને નવેસરથી બંધાવી. તેમાંથી નહેર કાઢી તે પાણી લીંબડીમાં લાવી અન્ય તળાવો ભરવાની સુંદર વ્યવસ્થા કરી. આ માટે રાજ્યે રૂ, ૧૩૫૦૦૦ નો ખર્ચ કર્યો હતો. ઈ.સ.૧૯૧૦થી લીંબડી શહેરમાં દરેક ઘરને નળ દ્વારા પાણી આપવામાં આવતું હતું. તથા લીંબડીના મુખ્ય વિસ્તારોમાં પાણીની ટાંકીઓ ઊભી કરવામાં આવી હતી. જેમાંથી જેમને ઘેર નળ ન હોય તે પાણી ભરી શકતા હતા. લીંબડી

શહેરની બજારોને વીજળી બત્તીઓથી શણગારનાર સૌરાષ્ટ્રના રાજવીઓમાં દોલતસિંહજી સૌ પ્રથમ હતા. લીંબડીની પ્રજાને પાણી અને વીજળીની સગવડતા આપવા માટે રાજ્યે દશ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો.

લીંબડીમાં તા.૦૧-૦૮-૧૯૧૪થી માલસામાનની હેરફેર માટે અને તા.૨૯-૦૯-૧૯૧૪થી ઉતારુંઓની હેરફેર માટે ટ્રામ સેવા શરૂ કરવામાં આવી હતી. આ ટ્રામ સેવા રેલવે સ્ટેશનથી ગ્રીન ચોક સુધી અને પછીથી લંબાવીને દરબારગઢ સુધી કરવામાં આવી હતી,જેનું ભાડું દિવસે ત્રણ પૈસા અને રાત્રે ચાર પૈસા લેવામાં આવતું હતું.

૯. બાગ-બગીચાઓ

લોકોના મનોરંજન અર્થે ઈ.સ.૧૯૦૯માં દોલતસિંહજીએ જસવંતસિંહજી પબ્લિક ગાર્ડન અને દોલતબાગની રચના કરી હતી, આ બગીચાઓમાં રાત્રે રોશની કરવામાં આવતી હતી.

૧૦. બાંધકામ પ્રવૃત્તિ

દોલતસિંહજીએ લીંબડીને શણગારવાનું કામ હાથમાં લીધું હતું. એ માટે તેમણે લીંબડીમાં ઉત્તમ બજાર, છાલિયા બજાર, મોટી બજાર તથા બંગલાઓ, બાલુબા ધર્મશાળા, પુલ, ફુવારા, તળાવ અને એરોડ્રામ તથા રાજ્યના કેટલાંક સ્થળોએ ઉતારાઓ બાંધીને પોતે એક વિચારશીલ અને સફળ શાસક તરીકે લોકોમાં ઉભરી આવ્યા હતા. દોલતસિંહજીએ બે બેઠકોવાળું એક વિમાન પણ લીધું હતું.

આજે આપણે જે જુનું લીંબડી શહેર જોઈએ છીએ તે રાજાશાહીના કાળમાં દોલતસિંહજીની બુદ્ધિમત્તા અને ભવિષ્યના વિચારો કરીને કરેલું સર્જન છે. દોલતસિંહજીએ લીંબડીને શણગારવામાં ક્યાંય પાછીપાની કરી નહોતી તેથી તેમને નામદાર આગાખાને લીંબડીના શાહજહાં તરીકે ઓળખાવ્યા હતા તે સર્વાંશે સત્ય છે.

રૌપ્ય મહોત્સવ

મોટા મોટા દેશી રજવાડાઓના શાસકો પોતાના રાજ્ય અમલના ૨૫-૫૦ વર્ષની ઉજવણી કરતા હતા. જેમાં જૂનાગઢ, પોરબંદર, થાણાદેવળી, ગોંડલ વગેરેએ આવા ઉત્સવો ઉજવ્યા હતા. જેને સિલ્વર જ્યુબીલી રૌપ્ય મહોત્સવ તરીકે ઓળખવામાં આવતો હતો. આ રીતે ૮ થી ૧૦ એપ્રિલ ૧૯૩૫ના રોજ દોલતસિંહજીના શાસનનો પણ રૌપ્ય મહોત્સવ ઉજવાયો હતો. અને તેમની આ પ્રસંગે ચાંદીથી તુલાવિધિ કરવામાં આવી હતી. તે સમયે તેમણે કેટલીક નવાજેશો જાહેર કરી હતી. અને પ્રજાજનોએ તેમનું બહુમાન કર્યું હતું. આ પ્રસંગે રાજ્યના કાર્યો અને નીતિરીતિ અને ઈતિહાસને વર્ણવતું રૌપ્ય મહોત્સવ નામનું સચિત્ર પુસ્તક પ્રસિદ્ધ કરાયું હતું.

સાર્વભૌમ સત્તા સાથેના સંબંધો

દોલતસિંહજીના શાસનકાળ દરમ્યાન જ પ્રથમ વિશ્વયુદ્ધ થયું હતું. એ સમયે લીંબડી રાજ્યે બ્રિટીશ સરકારને પૂર્ણપણે સાથ સહકાર આપ્યો હતો અને બ્રિટીશ સરકારના વિજય માટે રાજ્યના ધર્મસ્થાનકોમાં પ્રાર્થનાઓ કરવામાં આવી હતી. દોલતસિંહજીને ઈ.સ.૧૯૨૧માં K.C.I.E. અને ઈ.સ.૧૯૩૧માં K.C.S.I. નો ઈલ્કાબ બ્રિટીશ સરકાર તરફથી પ્રાપ્ત થયો હતો.

પ્રજાકીય ચળવળ

દોલતસિંહજી ખૂબ જ બુદ્ધિશાળી અને નિષ્ઠાવાન શાસક હતા તેમ છતાં જયારે રાજ્ય સામે કોઈ પ્રજાકીય ચળવળો કે આંદોલનોનો વિચાર ઉદભવે એવે વખતે તેઓ તેમની સાથે કડક રહ્યા હતા અને તેને ડામી દેવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. લીંબડીમાં સનાતન મંડળ અને મુસ્લીમ જમાત નામની સંસ્થાઓ ઊભી થઈ હતી. આ સમયે લીંબડી પ્રજા મંડળ પણ કાર્યરત હતું. આ સમયે લીંબડી પ્રજામંડળ ના અધિવેશન ભરવાના પ્રસંગ પૂર્વે રાજ્યના કેટલાંક માણસો અને આ સંસ્થાના સભ્યો વચ્ચે જપાજપી થઈ હતી. અધિવેશનના દિવસે પણ જપાજપી થઈ અને અધિવેશનના સ્થળે ભાંગફોડ થઈ ખેડૂતોને માર મારવામાં આવ્યો. ૬૦૦ વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ પણ થઈ હતી, કારણ કે રાજ્ય પ્રજામંડળની પ્રવૃત્તિઓને ડામી દેવા માગતું હતું. આથી ગાંધીજીએ હરીજનપત્રમાં આ બનાવને કડક શબ્દોમાં વખોડી કાઢ્યો હતો. લીંબડીમાં આ ઘટના પછી તા.૨૨-૦૨-૧૯૩૯ના રોજ પાંચ-છ હજાર લોકોએ લીંબડીમાંથી હિજરત કરી હતી તથા લીંબડીના કપાસનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. જેથી કરીને લીંબડી રાજ્યનું અર્થતંત્ર તૂટી પડે. આ ઘટનાથી દોલતસિંહજી ખૂબ જ દુઃખી થયા હતા તેમની ઉંમર પણ ૭૧ વર્ષે પહોંચી હતી અને પોતે આદર્શ રાજવી અને સુધારક હોવા છતાં લીંબડી હિજરત એ ઘટના તેમના માટે શરમજનક રીતે ઈતિહાસમાં નોંધાય હતી. દોલતસિંહજીના અવસાન બાદ ઈ.સ.૧૯૪૩માં દિગ્વિજયસિંહ ના વહીવટદાર નિકોલસનના સમયમાં આ સમાધાન થયું હતું અને હિજરતવાસીઓ પાછા ફર્યા હતા.

પ્રેરણાદાયક પ્રસંગ

દોલતસિંહજીએ દક્ષિણ ભારતના યાત્રાધામોની મુલાકાત લીધી હતી એ સમયનો આ એક પ્રસંગ છે. દક્ષિણ ભારતના આ વિખ્યાત દેવાલય પદ્મનાથ (પદ્મનાભ હોવું જોઈએ) ના દર્શને દોલતસિંહજી આવે એવું ત્યાંના મહારાજા ઈચ્છતા હતા. પરંતુ અહીં એક મુશ્કેલી એ હતી કે આ દેવાલયમાં જે કોઈ વ્યક્તિ પરદેશ જઈ આવ્યા હોય તેમણે વિશુદ્ધિકરણની ક્રિયાઓ કરાવ્યા બાદ જ તેમને દર્શન કરવા દેવામાં આવતા હતા. આથી દોલતસિંહજી પણ વિદેશયાત્રા કરી આવેલા હોવાથી તેમણે આ વિશુદ્ધિકરણ ની વિધિ કરાવવી પડે તેમ ફરજિયાત હતું. દોલતસિંહજીની પણ આ મંદિરમાં દર્શન કરવાની ઈચ્છા હતી પરંતુ વચ્ચે આ વિધિ આવતા તેમણે ત્યાં પૂછાવ્યું કે એ વિશુદ્ધિકરણ વિધિનો અંદાજે કેટલો ખર્ચ આવે ત્યારે તેમને ત્યાંના આયોજકોએ કહ્યું કે બાપુ તેને તે માટે રૂ. ૧૦૦૦૦ નો ખર્ચ થશે. ત્યારે દોલતસિંહજી એ પોતાની અને ત્યાંના મહારાજાની પણ ઈચ્છા હોવા છતાં આટલો મોટો ખર્ચ કરી પોતાના શરીરનું વિશુદ્ધિકરણ કરી મંદિરમાં દર્શન કરવાની ઈચ્છાને મનમાં જ દફનાવી દીધી અને તેઓ ત્યાં પહોંચ્યા હતા. તેમ છતાં પ્રજાનો પૈસો આ બાબતે બગાડવાનું ના મુનાસીબ ગણ્યું હતું.

મૂલ્યાંકન

દોલતસિંહજી એ લીંબડી રાજ્યના સીધા વારસદાર ન હોવા છતાં અને ભાયાતના પુત્ર હોવાથી તથા પોતે યોગ્ય અને ઉત્તમ શિક્ષણ પામેલ હોવાથી રાજપદના હકદાર બની શક્યા હતા. એ બાબત બતાવે છે કે જેના નસીબમાં જે લખ્યું હોય અને પોતે થોડો પુરુષાર્થ કરે તો તે સફળ થાય છે. દોલતસિંહજીએ પોતાના ૩૨ વર્ષના શાસનકાળ દરમ્યાન અનેક ક્ષેત્રોમાં સુધારા કર્યા તેથી તે આધુનિક લીંબડીના આર્ષદ્રષ્ટા ગણાય અને રળીયામણા લીંબડીના શિલ્પકાર તરીકે ઈતિહાસે તેની નોધ લેવી પડી

પોતે જ્યારે રાજ્ય સંભાળ્યું ત્યારે રાજ્યની આવક સાડા ત્રણ લાખ હતી. તે વધીને તેમના અંતકાળ સમયે રૂ.દશ લાખે પહોંચી હતી. એ બાબત જ તેમની પ્રામાણિક વહીવટકર્તા તરીકેની દેખરેખ બતાવે છે. આથી લીંબડી હિજરતની અપવાદરૂપ ઘટના સિવાય તેઓ પ્રજાપ્રિય, પરોપકારી અને પ્રતાપી રાજાઓની હરોળમાં મૂકી શકાય એવા એ રાજવી હતા. જેમણે લીંબડીને સુંદર, આધુનિક અને વર્ષો સુધી સુખ સુવિધાઓ લોકો મેળવી શકે એ દ્રષ્ટ્રીથી વિચારીને કાર્ય કર્યું હતું.



રાજ જસવંતસિંહજી અને સ્વામી વિવેકાનંદજી

આ જસવંતસિંહજીએ દોલતસિંહજી પહેલાના લીંબડીના રાજવી હતા અને તેમના સમયમાં સ્વામી વિવેકાનંદ ઇ. સ ૧૮૯૧માં લીબડી આવ્યા હતા અને શિવમંદિરના બાજુના મકાનમાં ઉતર્યા હતા ત્યાં તેમને વામપંથીઓએ કેદ કરી લીધા હતા અને પછી છુટ્યા ત્યારે જસવંતસિંહજીના ટાવર વાળા બંગલામાં ઉતર્યા હતા અને બને વચ્ચે ગાઢ મિત્રતા બંધાઈ હતી, સ્વામી વિવેકાનંદ અને જસવંતસિંહજી વચ્ચે પત્રવ્યવહાર પણ થતો એમાંથી બને વચ્ચેના સંબધો જાણી શકાય છે.લીંબડીમાં ટાવર વાળો રાજમહેલ શ્રી રામકૃષ્ણ મિશન ને આ માટે રાજવી પરિવારે આઝાદી બાદ ભેટ આપ્યો હતો.કોઈ એમ પણ કહે છે કે સ્વામી વિવેકાનંદજીને અમેરિકા જવાની પ્રેરણા રાજ જસવંતસિંહજીએ આપી હતી,

દાજીરાજજી (વઢવાણ) ની કારકિર્દી અને પ્રજાકલ્યાણના કાર્યો

પ્રસ્તાવના

ઝાલાવાડ પ્રાંતમાં આવેલ એ ઝાલાવંશનું બીજાવર્ગનું સલામી રાજ્ય હતું. આ રાજ્યનો વિસ્તાર ૨૪૨ ચોરસ માઈલનો હતો. તેની હકૂમત હેઠળના ૩૨ ગામો હતા. રાજ્યની ઈ.સ.૧૯૩૫માં વાર્ષિક આવક રૂ. ૬૩૭૭૩૫ અને જાવક ૬૩૨૪૪૨ હતી. વઢવાણ રાજ્યની સ્થાપના ઈ.સ.૧૬૩૦ આસપાસ રાજોજીએ કરી હતી. વઢવાણની ગાદી ઉપર ૧૧ મા શાસક તરીકે દાજીરાજજી આવ્યા અને તેમણે ૧૦ વર્ષ રાજસત્તા ભોગવી હતી.

બાળપણ

દાજીરાજજીનો જન્મ પિતા ચંદ્રસિંહ તથા માતા માજીરાજબાને ઘેર સંવત ૧૯૧૭ પોષવદ સપ્તમીને તા.૦૪-૦૧-૧૮૬૧ ના રોજ થયો હતો. તેઓ રાજકુમાર કોલેજના પ્રથમ બેચના વિદ્યાર્થી હતા. તેઓએ ભારતનો અને યુરોપનો પ્રવાસ કર્યો હતો અને લંડનમાં મહારાણી વિક્ટોરિયાને મળ્યા હતા. દાજીરાજ બાળપણમાં ઓજસ્વી દેખાતા હતા. તેમની મુખમુદ્રા શાંત પ્રકૃતિની હતી, તેઓ રોવું, ગભરાવું, ડરવું એમાં જરાપણ સમજતા ન હતા. આમ તેમનું બાળપણ ઉચ્ચ કોટીની બાલચેષ્ટા ધરાવતું વિત્યું હતું.

રાજ દાજીરાજજી – વઢવાણ

રાજકુમાર કોલેજમાં પોતે પોતાના બધા જ સહાધ્યાયીઓમાં હોશિયાર વિદ્યાર્થી તરીકે પ્રસિદ્ધ થયા હતા, કોલેજના શિક્ષકો અને પ્રિન્સિપાલ મેકનાટનના પ્રિતીપાત્ર વિદ્યાર્થી બન્યા હતા. રાજકુમાર કોલેજના શિક્ષકો અને પ્રિન્સિપાલે તેઓ સફળ રાજકર્તા બનશે એવી આશા સેવી હતી. તેઓએ રાજકુમાર કોલેજમાં ગુજરાતી, અંગ્રેજી તથા જરૂર પૂરતું સંસ્કૃત અને પર્શિયન પણ શિખ્યા હતા. તેઓએ રાજકુમાર કોલેજમાં નવ વર્ષ અભ્યાસ કર્યો હતો.

કારકિંદી ઘડનાર પરિબળો

દાજીરાજએ બાળપણથી જ ખૂબ જ ચપળ અને હોશિયાર દેખાતા હતાઅને જયારે તેમને શિક્ષણ મેળવવા માટે બહાર દાખલ કરવામાં આવ્યા ત્યારે તેમને ત્યાં ઉત્તમ પ્રકારની તક પ્રાપ્ત થતાં તથા પોતે જે કાંઈ સામે આવે તેમાંથી પોતાને અનુકૂળ શીખી લેવાની તમન્ના હોવાથી તે સફળ અને હોશિયાર વિદ્યાર્થી રહ્યા હતા. તેમના જીવનનો તલસ્પર્શી અભ્યાસ કરતાં એમ જણાય આવે છે કે તેમની બહુમુખી પ્રતિભા અને કારકિંદી ઘડનાર કેટલાંક પરિબળો નીચે મુજબના હતા.

(૧) માતુશ્રી માજીરાજબાના હાથે ગુણોનું ઘડતર

(૨) રાજકુમાર કોલેજના પ્રિન્સિપાલ મેકનાટન અને તેના શિક્ષકો

(૩) રાજકુમાર કોલેજના તેમના ખાસ ત્રણ મિત્રો મોરબીના રાજકુમાર હરભમજીરાજ, બિલખાના

અમરાવાળા અને માંગરોળના શેખ હુસેનિયાવરખાનજી

(૪) કારભારી તરીકે દીવાન હરિદાસ પાસેથી તાલીમ.

દાજીરાજજીએ ઈ.સ.૧૮૭૯માં અભ્યાસ પૂરો કર્યો અને તેમણે ઈ.સ.૧૮૮૦માં તેમના કારભારી હરિદાસ વિહારીદાસ સાથે રહીને રાજ્યના કારભારીપણાની તાલીમ લીધી હતી. જે હરિદાસ વિહારીદાસ દેસાઈ બહુમુખી પ્રતિભાશીલ વ્યક્તિ હતા. તેના વ્યક્તિત્વ અને કાર્યકુશળતાની અસર તેમના વ્યક્તિત્વ ઉપર પડી હતી. આ પછી તરત જ દાજીરાજને ઈ.સ. ૧૮૮૧માં બ્રિટીશ સરકારે સ્વતંત્ર વહીવટ સોંપ્યો હતો.

રાજ્યાભિષેક

વઢવાણના દશમાં શાસક રાયસિંહજીના પુત્ર યુવરાજ ચંદ્રસિંહજી તેમના પિતાની હયાતીમાં જ અવસાન પામ્યા હતા. આથી રાયસિંહજી પછી તેમના પૌત્ર દાજીરાજજી ૧૪ વર્ષની ઉંમરે વઢવાણની રાજગાદીએ બેઠા હતા. એ સમયે પોતે સગીર હોવાથી તેમના માતા માજીરાજબા એ તેના ઘડતરમાં મહત્વનો ફાળો આપ્યો અને બ્રિટીશ એડમિનિસ્ટ્રેશન હેઠળ વહીવટ રહ્યો હતો.

પ્રજા કલ્યાણના કાર્યો

દાજીરાજજી ખૂબ જ ઉમદા પ્રકૃતિના અને ઉત્સાહી તથા નવી નવી યોજનાઓ, સુધારાઓ કરનારા રાજવી હતા. પરંતુ તેમની આયુષ્ય વિધાતાના ચોપડે ઓછી લખાય હતી. આથી તેઓ માત્ર દશ વર્ષ (૧૮૭૫-૧૮૮૫) રાજ્ય વહીવટ સંભાળ્યો અને તેમનું અવસાન થતાં તેમના આદરેલાં કાર્યો અધુરા રહ્યા હતા. દાજીરાજજીના અવસાન બાદ તેના નાના ભાઈ બાલસિંહજી વઢવાણની ગાદીએ બેઠા હતા.

૧. વહીવટી વ્યવસ્થા

વઢવાણ રાજ્ય બીજા વર્ગનું નાનું એવું રાજ્ય હતું. પણ તેમ છતાં પોતાનું સ્વતંત્ર વહીવટીતંત્ર ઉભું કર્યું હતું. જેથી કરીને રાજ્યતંત્ર સરળતાથી યોગ્ય વિભાગો દ્વારા ચલાવી શકાય. વઢવાણમાં સૌથી ઉચ્ચ સ્થાન રાજવીનું હતું. ત્યારબાદ કારભારી, ન્યાયકોર્ટ, પોલીસતંત્ર અને રેવન્યુ ખાતું સ્થાપવામાં આવ્યું હતું. રાજ્ય નાનું હોવાથી લશ્કરની કોઈ જરૂરિયાત પણ ન હતી અને લશ્કર રાખવામાં પણ આવ્યું ન હતું. તેઓએ ન્યાયખાતું સુધાર્યું અને જાહેર બાંધકામ ખાતું સ્થાપ્યું હતું. તથા શહેર સુધરાઈ ખાતાને વધારે સક્ષમ બનાવ્યું હતું.

૨. ખેતી અને ખેડૂત

કોઇપણ શાસક ખેતી અને ખેડૂતો ઉપર સ્વાભાવિક રીતે જ ધ્યાન આપતા અને જો એ બાબતે સજાગ અને પ્રજા પ્રેમી રહ્યા હોય તો જ તેમનું શાસનતંત્ર પ્રજાવત્સલ ગણાતું. વઢવાણ રાજ્યમાં મોટાભાગના ગામડાઓ હોવાથી બહુમતી વર્ગના લોકોનો વ્યવસાય ખેતીનો હતો. આથી દાજીરાજે પોતાના અલ્પકાળના શાસન દરમ્યાન ખેતીને લગતા પણ કેટલાંક સુધારાઓ હાથ ધર્યા હતા. જેમ કે તેમણે ગામડાના ખેડૂતો રાજ્યના કામે જયારે વઢવાણ આવે ત્યારે તેમને ઉતરવા માટે પટેલ હાઉસ બંધાવ્યું હતું. જો કે પાછળથી તેને દાજીરાજની સ્મૃતિમાં દાજીરાજ હાઇસ્કૂલમાં પરિવર્તિત કરી દેવામાં આવ્યું હતું. લટુડા ગામના ઝાલા ભાયાતે ખેતરોના ચરિયાણ બાબતે રાજ્ય વિરુદ્ધ રાજસ્થાનિક કોર્ટમાં

ફરિયાદ દાખલ કરેલી તેનો બહુ લાંબા સમયે ફેંસલો આવ્યો ત્યારે પણ દાજીરાજજી એ ખેડૂતો અને ભાયાતો ઉપર હમદર્દી રાખી પોતાની ઉદારતાનો પરિચય આપ્યો હતો.

૩. વાહનવ્યવહાર

વઢવાણમાં ઝાલાવાડના આસીસ્ટન્ટ પોલિટીકલ એજન્ટની કચેરી હતી. તેથી સ્વાભાવિક છે કે વઢવાણમાં આજુબાજુના રજવાડાઓની પણ અવર જવર રહેતી. દાજીરાજના સમયમાં જ વઢવાણમાં અને કાઠિયાવાડમાં રેલવેએ પ્રથમ પગરણ કર્યા હતા. વાહનવ્યવહારની અનુકૂળતા માટે વઢવાણ કેમ્પ અને વઢવાણ શહેર વચ્ચે તેજનાળાનું પાણી વહીને નદી સાથે મળી જાય તે માટે પાકો કોઝવે બાંધ્યો હતો.

૪. પશુબલિ નિષેધ

વઢવાણમાં માઈ ગઢેચી માતાનું સ્થાનક હતું. જેના ઉપર રાજ્યને ખૂબ જ શ્રદ્ધા હતી. દર વર્ષે નવરાત્રીમાં માતાજીના સ્થાનકે હવન થતો અને દશેરાના દિવસે રાજ્ય દ્વારા દબદબાભરી એ સવારી નીકળતી અને તે દિવસે ગઢેચી માતાને પાડાનું બલિદાન ચડાવાતુ હતું. માતાજીનો ભુવો એ શણગારેલ પાડાને એક જ ઝાટકે વધ કરવાનો પ્રયત્ન કરતો અને એ પાડાના લોહીથી રાજવીને ચાંદલો કરવામાં આવતો હતો. દાજીરાજ તો ખૂબ ભણેલા ગણેલા અને યુરોપની મુસાફરી કરેલા આધુનિક યુગના વિચારો ધરાવતા રાજવી હતા,આથી તેમણે આ પશુબલિ ચડાવવાની અમાનુષી પ્રથા બંધ કરાવી દીધી. કારણ કે વઢવાણના મહાજનો રાજ્યની આ પરંપરા અને રિવાજ પ્રત્યે દુઃખ થતું હતું. તેથી તેમણે પણ અવારનવાર રાજ્યને આ વિનંતિ કરી હતી. તે દાજીરાજે સ્વીકારી લેતાં આ પરંપરા બંધ થયા પછી વઢવાણના મહાજનો દશેરાના દિવસે એક ગાડું ભરીને આખો દિવસ સુખડીનો પ્રસાદ વહેંચતા હતા.

૫. તળાવનો જીર્ણોદ્ધાર

વઢવાણ સોલંકીકાલીન પ્રાચીન નગરી છે તેમાં કેટલીક વાવો અને તળાવો આવેલા છે. વઢવાણના પૂર્વ ભાગમાં ગંદવડા નામનું એક તળાવ હતું. તેને દાજીરાજે વધુ પહોળું અને ઊંડું બનાવી તેમાં બારેમાસ પાણી ટકી રહે તેવું કર્યું અને તેને નહિ રૂચતા ગંદવડા તળાવના નામને બદલે દાજીરાજ સાગર નામ આપ્યું હતું.

૬. કેળવણી ક્ષેત્રે

દાજીરાજ પોતે શિક્ષણનું મહત્વ સમજેલા હતા. પરંતુ તેમનું રાજ્ય ખૂબ નાનું હતું તેમ છતાં તેમણે રાજ્યના વિદ્યાર્થીઓ માટે કેળવણી ખાતાને સારૂં એવું ઉત્તેજન આપી પ્રાથમિક શાળાઓ અને હાઇસ્કૂલ ખોલી હતી. જેઓ શિક્ષણ પાછળ વાર્ષિક ૪૫૦૦૦ રૂ,નો ખર્ચ કરતા હતા.

૭. રાજમહેલોના બાંધકામ

દરેક રાજવીઓએ પોતાના નિવાસસ્થાન માટે ભવ્ય જાકમજોળ વાળા રાજમહેલો બંધાવ્યા હતા. તેમ દાજીરાજે પણ વઢવાણમાં બે

રાજમહાલય બંધાવ્યા હતા. એમાં એક હતો જામનગરના લાખોટા મહેલ અને ઉદયપુરના લેઈક પેલેસ જેવો હવા મહેલ. ભોગાવાના જમણા કાંઠે જળાશયની વચ્ચે બાંધવાનું શરૂ કર્યું અને બે માળ બંધાયા પરંતુ તેમના અકાળે અવસાન બાદ કોઈક ગેરમાન્યતા કે ધાર્મિક કારણોસર અધૂરું જ રહ્યું. આજે પણ હજુ આ હવામહેલ ભૂતિયા મહેલની જેમ વઢવાણમાં અડીખમ રીતે ઊભો છે. પરંતુ તેમાં કોઈ વસવાટ નથી માત્ર વચ્ચે ખોડીયાર માતાજીનું સ્થાનક છે.

આ ઉપરાંત દાજીરાજે તેમના પિતાશ્રીના નામની સ્મૃતિને ચિરંજીવ રાખવા માટે ચંદ્ર વિલાસ નામનો એક રાજમહેલ બંધાવ્યો હતો.

૮. અન્ય કાર્યો

દાજીરાજજીએ પોલીસ લાઈન, જેલ, સુધરાઈ ખાતાની કચેરી અને પાવર હાઉસનું બાંધકામ કરાવ્યું હતું. તેઓએ વઢવાણમાં એક ધર્માદા હોસ્પિટલ અને દવાખાનું ખોલાવ્યું હતું. ઉપરાંત ખારવાની પોળ બહાર વઢવાણમાં પોતાના નામ પરથી દાજીપરા નામનો વિસ્તાર સ્થાપ્યો હતો. તથા વઢવાણથી પશ્ચિમ ભાગમાં પોતાના માતુશ્રીની સ્મૃતિમાં માજેશ્વર બાગ અને દાજીવાવ બંધાવી હતી. જો કે આજે એ વાવને લોકો નારદભાઈની વાવ તરીકે ઓળખે છે.

વઢવાણ રાજ્યમાં કોઈ રખડતું ભટકતું જોવા મળે કે ભીખ માગતું જોવા મળે તો તેને પકડી લઈને પોતાની મહેનતની રોટી ખાવાનું કહેવામાં આવતું હતું. દાજીરાજને મોરબીના ઠાકોર અને ભાવનગરના તખ્તસિંહજી સાથે રેલવેના બાંધકામ બાબતે થોડી તકરાર થઈ હતી. પરંતુ તેમણે વઢવાણમાં ભોગાવાના રેલવેનો લોખંડનો પુલ બાંધવા માટે ૧૨૫૦૦૦ રૂપિયાનો ફાળો આપી વાહનવ્યવહારની સગવડતાને ઉત્તેજન આપ્યું હતું.

પ્રેરણાદાયક પ્રસંગ

એક દિવસ રાત્રે 'ચંદ્ર વિલાસ' પેલેસના ઝરૂખામાં દાજીરાજ ઊભા હતા ત્યાં તેઓને જોવા મળ્યું કે રાજમહેલની બહાર કેટલાંક મજૂરો ફરસાણના પડીકાઓમાંથી ખાતા જણાયા આથી દાજીરાજ તરત જ રાજમહેલમાંથી બહાર આવ્યા અને તેમણે આ બાળકોને પૂછ્યું કે તમારે આ પડીકાઓ કરતા ઘરની રોટી ખાવી જોઈએ. ત્યારે બાળકોએ કહ્યું કે અમે અમારા શેઠને ત્યાં રાત-દિવસનું કામ કરીએ છીએ અને ઘરે જમવાનો સમય રહેતો નથી અને જો રાતપાળી ન ભરીયે તો અમને દિવસનો પગાર પણ ચૂકવાતો નથી. આથી દાજીરાજજી એમની વ્યથા સમજી ગયા કે બરાબર છે. આવી પરિસ્થિતિમાં તેઓ ક્યાંથી ઘરનું ભોજન લાવીને ખાય શકે. બીજે દિવસે તરત જ દાજીરાજે પેલા શેઠીયાવને બોલાવીને કડક સૂચના આપી કે આ છોકરાઓને દિવસ રાત બંનેનો પગાર યોગ્ય સમયે કામ કરાવી આપવો જોઈએ. જેથી કરીને તેઓ યોગ્ય સમયે ઘરનું શુદ્ધ ભોજન લઈ શકે. આ પ્રસંગ બતાવે છે કે એક રાજવીને પોતાના પ્રજાજનોના સ્વાસ્થ્ય સગવડતા અને અગવડતા તરફ કેવા પ્રકારની સહાનુભૂતિ હતી.

મૂલ્યાંકન

દાજીરાજે ખૂબ જ ટૂંકાગાળા દરમ્યાન વઢવાણની રાજગાદી શોભાવી. પરંતુ એ દશ વર્ષના કાળ દરમ્યાન પોતાની અને રાજ્યની આર્થિક મર્યાદામાં રહીને કેટલાંક સુધારાઓ અને ઉત્તમ વહીવટ કરવાનો દિલોજાનથી પ્રયત્ન કર્યો હતો. પરંતુ જયારે તેમના રાજ્યનો સૂર્ય મધ્યાહ્ને પહોંચ્યો હતો. એવા

સમયે જ તેમને એ સમયમાં જેને રાજરોગ કહેવાતો એ ક્ષયનો રોગ લાગુ પડ્યો અને ઝંડુ ભટ્ટ જેવા વિખ્યાત વૈદ્યરાજની ઔષધિઓ પણ કારગત ન નિવડી અને તેઓ તા.૦૫-૦૫-૧૮૮૫ ને મંગળવારના રોજ અપુત્ર અવસાન પામ્યા. એ પછી તેમના નાના ભાઈ બાલસિંહજી વઢવાણની ગાદીએ આવ્યા. પરંતુ એક ઉમદા સુધારક પ્રકૃતિના રાજવી અકાળે અવસાન પામવાથી વઢવાણના લોકોને કાયમી સ્વરૂપે ખોટ પડી હતી.



અમરસિંહજી (વાંકાનેર)ની કારકિર્દી અને પ્રજાકલ્યાણના કાર્યો

પ્રસ્તાવના

વાંકાનેર એ કાઠિયાવાડનું એક મહત્વનું ઝાલાવંશનું રાજ્ય હતું. વાંકાનેર રાજ્યની સ્થાપના ઈ.સ. ૧૬૦૫માં સરતાનજીએ કરી હતી. વાંકાનેરએ બીજા વર્ગનું રાજ્ય હતું અને ૪૧૭ ચોરસ માઈલનો તેનો વિસ્તાર હતો. તેના ૧૦૨ ગામો ચાર મહાલોમાં વહેંચાયેલા હતા. રાજ્યની ઈ.સ.૧૯૩૫માં વાર્ષિક આવક રૂ. ૭૪૩૭૧૦ અને જાવક રૂ. ૭૧૮૯૯૮ હતી. અમરસિંહજી એ વાંકાનેર રાજ્યના ૧૨ મા શાસક હતા.

વાંકાનેર રાજ્યના સ્થાપક સરતાનજી એ હળવદના રાજ સાહેબ મહારાણા ચંદ્રસિંહજી (ઈ.સ. ૧૫૮૪-૧૬૨૮) ના પુત્ર પૃથ્વીરાજના પુત્ર હતા. જયારે સરતાનજીના પિતાનું અવસાન થયું ત્યારે બાળ સરતાનજીને લઈ તેના માતા અને કાકા લખતરના શાસક અભયસિંહજીના આશ્રયે થાનગઢ આવી ગયા હતા. પરંતુ ત્યાં તેમને મુશ્કેલી જણાતાં તેમના માતાએ તેમના માનેલા ભાઈ આણંદપુરના દરબાર લાખા ખાચર મુળુ ખાચરની મદદ માંગી, તેમણે મદદ કરતાં સરતાનજીએ મહિયા બાબરિયાઓને હાંકી કાઢી સ્વતંત્ર વાંકાનેર રાજ્યની સ્થાપના ઈ.સ.૧૬૦૫માં કરી હતી. રાજ્ય સ્થાપક સરતાનજી બુદ્ધિશાળી અને સારા યોદ્ધા હતા. પોતે રાજ સ્થાપ્યું છતાં હજી તેમને હળવદ જીતી લેવાની ઈચ્છા હતી. કારણ કે પોતે ત્યાંથી તેમની માતા અને કાકા સાથે જે અવસ્થામાં ભાગ્યા હતા. તેનો બદલો લેવો હતો. આ માટે તો તેમણે જ્યાં સુધી પોતે હળવદ જીતી ન લે ત્યાં સુધી પરણતી વખતે ચોથો ફેરો ન ફરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

બાળપણ

અમરસિંહજીનો જન્મ તા.૧૫-૦૧-૧૮૭૯ના રોજ વાંકાનેરના તિથવા ગામના દરબારગઢમાં થયો હતો. તેમના પિતાનું નામ બનેસિંહજી અને માતાનું નામ જામબા હતું. અમરસિંહજીના નસીબમાં બે વર્ષની વયે જ પિતાનો ખોળો ગુમાવવાનું થયું ત્યારે તેમના ઉછેર અને ઘડતરની તમામ જવાબદારી ચતુર અને વ્યવહારકુશળ સજ્જનપરવાળા જાડેજા બામાસાહેબ જામબાના હાથમાં આવી. તેમણે તેમાં જરાપણ કચાસ રહેવા દીધી નહી અને ઉલ્ટાના ગંભીર અને ધીરજવાન બનીને અમરસિંહજીનું એક આદર્શ વ્યક્તિ તરીકે ઘડતર કર્યું. જેઓને રાજકોટની રાજકુમાર કોલેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં તેમના મિત્રો વડિયા દરબારશ્રી બાવાવાળા, લાઠીના કુમારશ્રી દિગ્વિજયસિંહ અને રાજચરાડીના નટવરસિંહજી ઝાલા સાથીદારો રહ્યા હતા.

કારકિંદી ઘડનાર પરિબળો

અમરસિંહજીની પ્રારંભિક કારકિંદી ઘડનાર પરિબળો તરીકે ત્રણ વ્યક્તિત્વોના નામ મૂકી શકાય તેમ છે. (૧) માતા જામબા કે જેઓ ખૂબ જ ધર્મનિષ્ઠ, ચુસ્ત વૈષ્ણવ તથા ચતુર નારી હતા. તેથી તેમણે અમરસિંહજીના ઘડતરમાં કશી પણ ખામી રહેવા દીધી નહોતી. અમરસિંહજી માતા જામબા પાસે જ્ઞાન અને ચારિત્ર્ય ઘડતર અને વિચારો મેળવવા માટે લાંબા સમય સુધી બેસી રહેતા અને પોતાની જીજ્ઞાસાવૃત્તિ સંતોષતા હતા. (૨) અમરસિંહજીના મામા દિપસિંહજી જાડેજા ખૂબ જ હોશિયાર અને જ્ઞાની વ્યક્તિ હતા તેમના જ્ઞાન અને શોખ તથા વ્યક્તિત્વની અસર અમરસિંહજી ઉપર ખૂબ જ ઘેરી રીતે પડી હતી. તેઓએ દિપસિંહજી પાસેથી ખેતી અને પશુપાલન અંગેનું જ્ઞાન મેળવ્યું હતું. (૩) રાજકુમાર કોલેજના પ્રિન્સિપાલ વોડિંગ્ટન. આ યુરોપિયન પાસેથી તેમણે જ્ઞાન અને નીતિમત્તાના જે પાઠ શીખ્યા હતા. તેનાથી તેઓ એવા જબરદસ્ત પ્રભાવિત થયા હતા કે કાયમને માટે તેમના શયનખંડમાં વોડિંગ્ટનની તસવીર રાખતા હતા અને વહેલી સવારે તેમને વંદન કરી બહાર નીકળતા હતા. આ બાબત જ બતાવે છે કે તેમના જીવન ઘડતરમાં આ યુરોપિયન ગુરૂનું કેવડું મોટું પ્રદાન રહેલું હતું.

રાજ્યાભિષેક

ભારતીય સંસ્કૃતિના સિધ્ધાંતો અનુસાર રાજ્યાભિષેકની પરંપરાનું અનેરું મહત્વ છે. રાજ્યાભિષેક વિધિ અલૌકિક અને અવર્ણનીય હોય છે. જયારે કોઈ રાજવી અવસાન પામે ત્યારે હજુ તેમના મૃતદેહની અંતિમવિધિ ન કરી હોય એ પહેલાં જ સાદાઈથી યુવરાજને રાજતિલક કરી દેવામાં આવતું હતું. અમરસિંહજી માત્ર બે વર્ષની વયે ગાદીએ બેઠા હતા. બે વર્ષનું બાળક શાસનતંત્ર ન ચલાવી શકે આથી ઈ.સ.૧૮૮૧ થી ૧૮૯૯ સુધીના ૧૮ વર્ષ સુધી એડમિનિસ્ટ્રેશને રાજ્ય સંભાળ્યું હતું. પરંતુ ખરા સત્તાધીશ તો અમરસિંહજી જ ગણાય. આપણે અહીં એ ૧૮ વર્ષના કાર્યોને પણ અમરસિંહજીના શાસન હેઠળ જ સમાવી લીધા છે. તા.૧૮-૦૩-૧૮૯૯ના રોજ અમરસિંહજીને પુખ્તવયે પહોંચતા બ્રિટીશ સરકારના પ્રતિનિધિ પોલીટીકલ એજન્ટ હંટરના હસ્તે રાજ્યની સંપૂર્ણ સત્તાનો ખરીતો સોંપી આપ્યો હતો.

પ્રજા કલ્યાણના કાર્યો

અમરસિંહજીએ ખૂબ જ લાંબાકાળ સમય સુધી દીર્ઘદ્રષ્ટિપૂર્ણ રાજ્ય ચલાવ્યું તેમાં પોતે સગીરવયના હોવાથી ૧૮ વર્ષ સુધી તો બ્રિટીશ એડમિનિસ્ટ્રેશનનો વહીવટ રહ્યો હતો. પરંતુ એ પછી પોતે સ્વતંત્ર રાજસત્તા પોતાના હસ્તક સંભાળી હતી. પોતે આધુનિક કેળવણી લીધેલા અને યુરોપનો પ્રવાસ કરેલ હોવાથી પોતાના રાજ્યને અનેક ક્ષેત્રે શણગારવાનું કામ કર્યું. આથી તેમની નોંધ ઈતિહાસને પાને આધુનિક વાંકાનેરના ઘડવૈયા તરીકે કરવામાં આવી છે. તેમણે કાઠિયાવાડના અન્ય રજવાડાઓની જેમ જ પોતાના રાજ્યમાં સુધારા વધારાઓ કર્યા. પરંતુ ઝાલાવંશ માટે તેમણે સૌથી મહત્વનું કાર્ય એ કર્યું કે તેમણે સમગ્ર સોરાષ્ટ્રના ઝાલા રાજવંશના ઈતિહાસને આલેખવાનું કામ નથુરામ શુક્લ પાસે કરાવી ‘ઝાલાવંશ વારિધિ’ નામનો બહુ મોટો દળદાર ગ્રંથ પ્રસિદ્ધ કરાવ્યો. તેઓ ઝાલાવંશના ઈતિહાસને જાળવી રાખનાર કાઠિયાવાડના એક મહત્વના રાજકૂળના ઈતિહાસને લોકોના સ્મૃતિપટ ઉપર કોતરી દીધો હતો.

૧. ખેતીને લગતા સુધારા

વાંકાનેર રાજ્યમાં વાંકાનેર સિવાય બીજું એક પણ મોટું શહેર ન હતું. પરંતુ બધા ગામડાઓ જ હતા. આથી તેમની આવકનો મોટોભાગ ખેતીમાંથી જ પ્રાપ્ત થતો હતો. તેથી અમરસિંહજીએ આ બાબતે વધુ રસ લઈને તેમાં સુધારણા કરવા માટે કેટલાંક પ્રયત્નો કર્યા હતા. બહારથી નવી જાતનો મઠીયો કપાસ લાવી ખેડૂતોને વાવવા આપ્યો હતો તેથી વાંકાનેરના ખેડૂતોની સમૃદ્ધિ વધી હતી. રાજ્યને અવારનવાર દુષ્કાળનો સામનો કરવો પડતો હતો. આથી તે સ્થિતિને નિવારવા માટે તેમણે તળાવો અને પાળાઓ બાંધવાનું કામ તથા નહેરોના સમારકામનું કામ શરૂ કરાવ્યું અને જસવંતસર નામના તળાવને ઊંડું કરાવ્યું તથા રતાડીયા અને ગારીડામાં બંધ બાંધ્યા. મચ્છુ કેનાલ દ્વારા સિંચાઈની સગવડો ઊભી કરી. ખેડૂતોને ભાંગતા તૂટતા બચાવવા માટે દુષ્કાળ રાહતકાર્યો ઉત્તમ વ્યવસ્થાથી શરૂ કરાવ્યા પશુઓ માટે ઘાસ કેન્દ્રો ખોલ્યા તથા રાજ્યની વીડીઓ લોકો માટે ખુલ્લી મૂકી હતી. પાંજરાપોળને બચાવવા માટે તેમને મફત ઘાસ પુરૂ પાડવામાં આવ્યું હતું. ઈ.સ.૧૯૦૭માં વૈજ્ઞાનિક મોડેલ કૃષિફાર્મ શરૂ કરવામાં આવ્યું. ઈ.સ.૧૯૧૧માં વાંકાનેર ખેડૂત સહકારી બેંક ખોલવામાં આવી હતી. બેંકના પ્રમુખ અમરસિંહજી પોતે હતા અને ૧૦૦ વિઘાના દરેક ખાતેદારે એ બેંકનો રૂ.૧૫નો એક શેર લેવાનો હતો. તેમાંથી લોન પણ અપાતી અને તેમની બચત પણ રખાતી હતી. આ ઉપરાંત ખેડૂતોને સૌથી વધુ ફાયદો થાય તેવો સુધારો એ કર્યો કે જે ખેડૂતોએ મહેસુલ રોકડ ન ભરવું હોય તેણે સુકી ખેતીમાં ઉપજનો ત્રીજો ભાગ અને પિયત ખેતીમાં રાજ્યને ચોથો ભાગ દેવાનો કાયદો કર્યો. તથા ૧૯૨૩-૨૪માં ખેડૂતોના દેવા પણ માફ કરવામાં આવ્યા. અમરસિંહજીના કાળ સુધી રાજ્યની જમીનોના માલિક રાજવી હતા. પરંતુ યુવરાજ પ્રતાપસિંહજીના નામકરણ વિધિના દરબારમાં એવી નવાજેશ કરવામાં આવી કે જે ખેડૂત જમીનનો માલિકી હક્ક મેળવવા માંગતો હોય તેમને માલિકી હક્ક આપવામાં આવશે. આથી ખેડૂત વધુ કાળજીભરી ખેતી કરવા માંડ્યો.ખેડૂતોને નબળા પડતા કેટલાંક જમીન પરના વેરાઓ હતા ચુલુવેરો, સાંતી વેરો, પગી લવાજમ વગેરેને પણ કાઢી નાખ્યા હતા.

૨. નવા ગામોની સ્થાપના

રાજવીઓને નવા ગામોની સ્થાપના કરવામાં બે-ત્રણ કાયદાઓ હતા. (૧) મહેસુલી આવક વધે (૨) રાજપરિવાર ઉપરથી કોઈ નવા ગામનું નામ રાખી શકાય. (૩) આથી મોટાભાગના રાજવીઓ લોકોની સગવડતા વધારવા અને પોતાના ફાયદા માટે ક્યા ક્યા સ્થળે નવા ગામો વસાવી શકાય છે. તેનો સર્વે કરાવી નવા ગામો વસાવતા હતા. અમરસિંહજીએ રાજ્યની જમીન મોજણી કરાવી જ્યાં જ્યાં તેમને ઉચાણવાળો વિસ્તાર જોવા મળ્યો કે ફાજલ જમીનો જોવા મળી તેમાં તેમણે નવા ગામો વસાવ્યા હતા. ત્યાં ખેડૂતો અને ખેડૂતો અને કારીગરોને વિના મૂલ્યે રહેણાંકના મકાનો બાંધવા જમીનો આપી હતી. અમરસિંહજીએ અમરસર, જામસર, હસનપર, લાલપર, પલાસ, ખાનપર, કાશીપર, જીવાપર, આણંદપર, વીરપર, કાનપર અને વિઠ્ઠલગઢ એમ ૧૨ નવા ગામો વસાવ્યા હતા. ઝાલાવાડના અન્ય ગામોમાંથી ખેડૂતોને લાવી જમીનો સોંપવામાં આવી અને નવા ગામોના પટેલોને અમરસિંહજીના હાથે પાઘડીઓ બાંધવામાં આવી હતી.

૩. વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર

અમરસિંહજીએ દેશ-દુનિયા ખૂબ જ મોટા પ્રમાણમાં જોઈ હતી. તેઓ જ તેથી રાજ્યની અને લોકોની જરૂરીયાતને બરાબર સમજી શક્યા હતા કે આ સમયે લોકોને કેવી કેવી સુવિધાઓની જરૂર છે. આથી તેમણે સારા રસ્તાઓ અને વાહનવ્યવહારની સુવિધા વિશે પણ વિચાર કર્યો હતો. જો વેપાર વાણિજ્યનો વિકાસ કરવો હોય તો પણ વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારના સાધનોની જરૂર પડે છે. તેથી તેમણે રાજકોટ તથા ધોળેશ્વર અને મોટા બગીચાઓ તરફ જતી સડકો બાંધી હતી. તળ વાંકાનેરમાં પાતાળિયા, મોકળાપર પુલ બાંધ્યો તથા ચાવડી બજારથી પુલના દરવાજાઓ સુધી બંધાયેલી સડકને હરિદાસ રોડ નામ આપ્યું. ઝાલાવાડ પ્રાંતનો આસીસ્ટન્ટ પોલિટીકલ એજન્ટ વઢવાણ રહેતો હતો. તેથી વઢવાણ - રાજકોટ ધોરીમાર્ગ સાથે જોડવા વાંકાનેર થી રાજકોટ જવા માટેની પાકી સડક બાંધી હતી. મોરબી-રાજકોટ વચ્ચેની રેલવે મુંબઈના ગવર્નર લોર્ડ રે એ ખુલ્લી મૂકી હતી. ત્યારે મચ્છુ નદી ઉપરનો પુલ ખુલ્લો મૂકાયો. ઈ.સ.૧૮૮૪-૮૬ દરમ્યાન વઢવાણ કેમ્પથી મોરબી અને પછી વાંકાનેર થી રાજકોટ સુધીનું રેલવે બાંધકામ કરવામાં આવ્યું અને તે ૧૮૮૬માં પૂર્ણ થયું હતું.

વાંકાનેરને રળીયામણું અને આધુનિક બનાવવા માટે તેમણે શહેરની બાંધણી સુધારવા માટે પ્રથમ લાઈન દોરી નાખી રસ્તાઓને સીધા અને પહોળા બનાવ્યા વચ્ચે જે લોકોના મકાનો કે દુકાનો આવતી હતી. તેને યોગ્ય જગ્યા કે વળતર આપી. વાંકાનેરમાં જયપુર જેવી બાંધણીવાળા રસ્તાઓ અને દુકાનો બનાવી હતી. આ ઉપરાંત રાજ્યે તાર-ટેલીફોનની વ્યવસ્થા પણ શરૂ કરી હતી.

૪. કેળવણીના ક્ષેત્રે

અમરસિંહજી પોતે ખૂબ જ ઉત્સાહી અને દેશ-વિદેશમાં અનેક સ્થળોએ હરેલા-ફરેલા હતા. આથી તેમના મનમાં રાજ્યની તમામ બાબતો પ્રત્યે કંઈક નવી નવી યોજનાઓ વિચારી રાખી હતી. રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ તો મફત અપાતું જ હતું. પરંતુ તેને વધુ ફેલાવવા માટે નવી શાળાઓ અને કન્યા શાળા પણ ખોલવામાં આવી. મહારાણી વિક્ટોરિયાની કેસરેહિંદ જ્યુબીલીની યાદમાં ૧૮૭૭માં ક્વીન વિક્ટોરિયા જ્યુબીલી લાયબ્રેરી સ્થાપવામાં આવી. રાજકોટમાં મહારાણીના નાના પુત્રી ડ્યુક ઓફ કોનોટની સ્મૃતિમાં કોનોટ હોલ બાંધવા માટે રાજ્યે તેમાં રકમ મોકલી હતી. ભાયાતોના બાળકો માટે પૂર્ણચંદ્ર ગરાસિયા બોર્ડીંગ સ્થાપી અને તેના નિભાવ અર્થે રૂ.એક લાખ આપવામાં આવ્યા હતા.

૫. સામાજિક ક્ષેત્રે

સફળ અને બુદ્ધિશાળી શાસક તેને ગણવામાં આવે છે. કે જે રાજ્યને અને લોકોને પડતી અગવડતા સગવડતા વિશે વિચારી શકે. તેને યોગ્ય કરવા માટે દ્રઢ મનથી પગલાં લે. મોટાભાગના રજવાડાઓ રાજકુટુંબની સ્ત્રીઓને કે નિર્વંસી ભાયાતોની સ્ત્રીઓને જીવાઈ પેટે જમીન જાગીર કે ગામ આપવામાં આવતા હતા. પરંતુ એમના અવસાન પછી આ જમીન જાગીર કે ગામોની માલિકીના અનેક પ્રશ્નો ઊભા થતાં હતા. આથી રાજ્યને એક પ્રકારની સમસ્યા અને ખર્ચ લાગતો હતો. તેથી અમરસિંહજીએ સ્ત્રીઓને, વિધવાઓને ગામ કે જમીનના રૂપમાં જીવાઈને બદલે સમજાવટથી રોકડ રકમમાં જ જીવાઈ આપવાનું નક્કી કર્યું અને તેમના ગામ-ગરાસ ખાલસા કરી રાજ્યમાં ભેળવી દીધા હતા. જેમાં કેરાળા, રાજાવડલા અને પંચાસીયા ગામની વિધવાઓને રોકડ જીવાઈ બાંધી આપી તેથી

તેમને પણ તેના વહીવટના સંચાલન માંથી મૂક્તિ મળી હતી. તેની જાગીર ગિરાસ રાજ્ય સાથે જોડી દેવામાં આવ્યો હતો. આ રીતે તેમણે એક સુધારો કરી બંને પક્ષને ફાયદો થાય એવી સ્થિતિ સર્જી હતી.

રાજપૂત રાજાઓ મોટે ભાગે ખાંડા સાથે પરણે છે. પરંતુ અમરસિંહજી એ હથેવાળે લગ્ન કર્યા હતા. વાંકાનેર અને હળવદ વચ્ચે રાજ સ્થાપક સરતાનજીના સમયથી એક અપૈયો ચાલતો હતો કે જ્યાં સુધી વાંકાનેરના શાસક હળવદ જીતી ના લે ત્યાં સુધી તે લગ્નમાં એક ફેરો ઓછો ફરશે. આથી આ અપૈયાને અમરસિંહજીના સમયમાં ભાંગવામાં આવ્યો અને ધ્રાંગધ્રાના અજીતસિંહજી અને વાંકાનેરના અમરસિંહજી વચ્ચેની સામાજિક દુશ્મનાવટને દૂર કરવામાં આવી. આ સમાધાનમાં પોરબંદરના મહારાણા ભાવસિંહજીએ ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો હતો.

૬. ઉદ્યોગ અને વેપારધંધા

વાંકાનેર રાજ્ય બહુ મોટા શહેરો વિનાનું તથા બિન ઉપજાઉ જમીનો ધરાવતું રાજ્ય હતું. પરંતુ તેને અમરસિંહજીના કાળમાં સફળ એડમિનિસ્ટેટરો અને અમરસિંહજીની ચપળતા ભળતા રાજ્યમાં ખેતી અને ઉદ્યોગ ધંધાનો સારો એવો વિકાસ થયો હતો. અને રાજ્યની આવક ઉત્તરોત્તર વધતી ગઈ હતી. વાંકાનેરમાં વિલાયતી નળિયા અને પોટરી ઉદ્યોગની ૧૮૯૭માં શરૂઆત થઈ. ૧૯૩૧માં વાંકાનેરમાં પાવર હાઉસ તા.૧૮-૧૨-૧૯૩૧ના રોજ શરૂ કરવામાં આવ્યું તેથી વાંકાનેરના રસ્તાઓ વીજળીથી ઝળહળતા થયા હતા.

વાંકાનેર રાજ્યની જમીન ભલે બહુ ફળદ્રુપ નહોતી. પરંતુ ત્યાંની ઉચ્ચ પ્રકારની માટીમાંથી ચિનાઈ માટીના વાસણનો ઉદ્યોગ પોટરી ઉદ્યોગ વિકસે તેમ હતો. આથી એક વેપારીએ પરશુરામ પોટરી વર્કસ સ્થાપ્યું હતું. જેને રાજ્યે પ્રોત્સાહન આપ્યું. વાંકાનેર પંથકમાં કપાસનો પાક ખૂબ સારા પ્રમાણમાં થતો હતો. આથી વાંકાનેર પ્રતાપસિંહજી જીનીંગ ફેક્ટરી ખોલવામાં આવી હતી. તથા તા.૧૬-૦૬-૧૯૩૪ના રોજ અમરસિંહજી કાપડમિલનું ઉદઘાટન થયું અને તેમાં ૧૧૦૦૦ ત્રાક અને ૩૦૦ લુમ્સ કામ કરતી હતી. આ બે-ત્રણ ઉદ્યોગોને હિસાબે વાંકાનેર ઔદ્યોગિકરણના પંથે આગળ વધ્યું અને રાજ્યને તેમજ રૈયતને આવકના સાધનો ઊભા થયા આપી થોડા જ સમયમાં વાંકાનેરની આર્થિક સ્થિતિ વધુ પ્રમાણમાં સુધરી હતી. ઈ.સ.૧૯૪૭માં અન્ય બીજા કારખાનાઓ પણ સ્થપાયા હતા. તેમાં રંગ બનાવવાનું એક કારખાનું પણ હતું.

૭. વૈદ્યકીય સારવાર

અમરસિંહજીના શાસનકાળ દરમ્યાન હજુ વૈદ્યકીય સારવારની સુવિધાઓ પા પા પગલી માંડી રહી હતી. અને જૂનાગઢ, જામનગર, ભાવનગર, ધ્રાંગધ્રા જેવા રજવાડાઓ એ જ મોટી હોસ્પિટલ સ્થાપી વૈદ્યકીય સર્વરો આપતા હતા. પરંતુ ધીરે ધીરે ઓછી આવક ધરાવતા અને નાના રજવાડાઓએ પણ આરોગ્ય ક્ષેત્રની સુવિધાઓ શરૂ કરવા માંડી હતી. તા.૧૪-૦૧-૧૯૩૬ના રોજ વાંકાનેરમાં વિંલીંગ્ડન હોસ્પિટલનો ગવર્નર જનરલ લોર્ડ વિંલીંગ્ડનના હસ્તે પાયો નાખવામાં આવ્યો હતો અને થોડા સમયમાં તેને ખુલ્લી મૂકવામાં આવી હતી. ઈ.સ.૧૯૩૬માં વાંકાનેરમાં અમરસિંહજી સિલ્વર જ્યુબિલી ડિસ્પેન્સરી ખોલવામાં આવી હતી.

જયારે ઈ.સ.૧૯૦૬માં જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં વાંકાનેર રાજ્યમાં પ્લેગનો રોગ ફાટી નીકળ્યો એ વખતે રાજ્યે સાવચેતીના પગલારૂપ ગામડાંઓ ખાલી કરાવી લોકોને ખુલ્લી જગ્યામાં વસાવ્યા હતા. અને ત્યાં યોગ્ય ચીજવસ્તુઓ અને દવા-દારૂની સારી વ્યવસ્થા કરી હતી. તથા દવા છંટાવીને પ્લેગને કાબુમાં લીધો હતો.

૮. દુષ્કાળ સમયની રાહત યોજનાઓ

મોટાભાગના આર્થિક રીતે સધ્ધર રજવાડાઓએ દુષ્કાળ સમયે ખૂબ સારી વ્યવસ્થા ઊભી કરી હતી. ખેડૂતો અને મજૂરોને તેમાંથી બચાવી લેવા માટે કેટલાંક પગલાંઓ ભર્યા હતા. દુષ્કાળ રાહત માટે તેમણે તળાવો ખોદાવવા, રસ્તાઓ બંધાવવા, બંધ બાંધવા, કેટલ કેમ્પો ખોલવા, પાંજરાપોળોને મફત ઘાસ આપવું, રાજ્યની વીડીઓ લોકો માટે ખુલ્લી મુકવી, અનાજના ભાવતાલની બાંધણી કરવી અને પરરાજ્યમાં અનાજ મોકલવા ઉપર પ્રતિબંધ મૂકવો, રાહત ભોજનાલયો શરૂ કરવા વગેરે કાર્યો કરવામાં આવતા હતા. ખેડૂતોને બેઠા કરવા માટે મહેસૂલમાં રાહત આપવી, મહેસુલ માફ કરવું, તગાવી લોન આપવી, બિયારણ અને ખેતીના સાધનો ખરીદવા, રોકડ રકમની મદદ કરવી આવા કાર્યો કરવામાં આવતા હતા. તેમાં વાંકાનેર રાજ્યે પણ અમરસિંહજીના લાંબા શાસનકાળ દરમ્યાન આવી દુષ્કાળ યોજનાઓ જાહેર કરી હતી. નોકરી ધરાવનાર ઓછા પગારદાર લોકો માટે જેનો પગાર રૂ. ૨૫ થી ઓછો હતો. તેમને દુષ્કાળ એલાઉન્સ આપવામાં આવતુ હતું.

૯. વહીવટી વ્યવસ્થા

વાંકાનેર રાજ્યે સુવ્યવસ્થિત વહીવટીતંત્ર સ્થાપ્યું હતું. રાજ્યની આખરી અને સર્વોચ્ચ સત્તા રાજાના હાથમાં હતી. તેમના હાથ હેઠળ દીવાન, ગૃહપ્રધાન, સરન્યાયાધિશ, ન્યાયાધિશ, ટ્રેઝરી અધિકારી રાજ્ય એન્જીનીયર અને ખાનગી અધિકારી કાર્ય કરતાં હતા. આ બધા જ ખાતાઓના દફતરને વ્યવસ્થિત સાચવવામાં આવતા હતા. રાજ્યની વ્યવસ્થા તટસ્થ અને ઝડપી ન્યાય મળે તે પ્રકારની રાખવામાં આવી હતી. પોલીસતંત્ર, રેવન્યુ અને તિજોરીખાતાના વડા તરીકે યુવરાજ પ્રતાપસિંહજીને નીમવામાં આવ્યા હતા. જેથી કરીને તેમને રાજ્ય વહીવટની પ્રત્યક્ષ તાલીમ અને અનુભવ મળે, જયારે અમરસિંહજી જ્યોર્જ છઠ્ઠાની તાજપોશી વિધિમાં ભાગ લેવા ગયા ત્યારે ઈ.સ.૧૯૩૭માં પ્રતાપસિંહજીએ ચાર મહિના સ્વતંત્રપણે રાજ્ય સંચાલન કરી વહીવટ સંભાળ્યો હતો. રાજ્યની મહત્વના હોદ્દાઓ ઉપર કામ કરતા અધિકારીઓ અને નાના નોકરિયાતોને પેન્શન અને ગ્રેચ્યુટીના લાભ પણ આપવામાં આવ્યા હતા.

૧૦. પ્રજાજનોને વહીવટમાં સામેલગીરી

અમરસિંહજી માનતા કે પ્રજાજનોને પણ વહીવટીતંત્રમાં સ્થાન મળવું જોઈએ અને તેમનો પણ કોઈ અવાજ કે મત વહીવટીતંત્રમાં પ્રગટ થતો રહેવો જોઈએ. આ માટે આખા કાઠિયાવાડમાં સૌથી પ્રથમ (લાખાજીરાજની પ્રજાપ્રતિનિધિ સભા ૧૯૨૩) ઈ.સ.૧૯૧૯માં હજૂર ઠરાવ નં.૧૨૪ પ્રસિદ્ધ કરી એક રાજસભાની સ્થાપના કરી હતી. જેમાં લોકોમાંથી ચુંટાયેલા પ્રતિનિધિઓ રહેતા હતા. જેમાં કુલ ૧૮ સભ્યો ચુંટાયેલા રહેતા. જેમાં ૪ વાંકાનેર શહેરના, ૧૪ ગ્રામ્ય વિસ્તારના સભ્યો ચુંટાતા અને ૮ સભ્યો ઉપરી ખાતાના અધિકારીઓ રહેતા. તેમ કુલ ૨૬ સભ્યોની રાજસભા બનતી હતી. આ સભા આખા

ડૉ.પ્રવીણ વાઘેલા

વર્ષમાં ચાર વખત મળતી હતી. કાઠિયાવાડમાં પ્રજાને વહીવટમાં સામેલ કરવાનો અમરસિંહજીનો આ નૂતન પ્રયોગ અને હિંમતભર્યું પગલું હતું. ઈ.સ. ૧૯૨૬ થી રાજસભાનું બંધારણ ઘડવામાં આવ્યું. પ્રજાનું રાજ્ય હોવાના શ્રીગણેશ કરનાર વાંકાનેર રાજ્ય પ્રથમ હતું. આ પછી આ સંદેશ રાજકોટ, ભાવનગર, મોરબી, પાલીતાણા અને પોરબંદર રાજ્યે સ્વીકાર્યો હતો.

સાર્વભૌમ સત્તા સાથેના સંબંધો

કાઠિયાવાડના તમામ દેશી રજવાડાઓ બ્રિટીશ સાર્વભૌમ સત્તા સાથે ખૂબ સારા સંબંધો ધરાવતા હતા. કારણ કે આ બંને વચ્ચે એકબીજાનું માન-પાન જાળવવામાં જ હિત સમાયેલું હતું. અમરસિંહજી ઈ.સ.૧૯૧૧માં દિલ્હી દરબારમાં ભાગ લેવા માટે ગયા હતા અને ત્યાં તેમને પંચમ જ્યોર્જના હસ્તે K.C.I.E. નો ઈલ્કાબ પ્રાપ્ત થયો હતો. બ્રિટીશ સરકારે તેમને રાવ બહાદુરનો અને ૧૯૨૪માં મહારાજાનો ઈલ્કાબ આપ્યો હતો. અમરસિંહજી સ્વેચ્છાએ બ્રિટીશ સરકાર તરફથી પ્રથમ વિશ્વયુદ્ધમાં મોરચા ઉપર લડવા ગયા હતા અને ફ્રાંસમાં કાઠિયાવાડ મોટર એમ્બ્યુલન્સ કોર્પસમાં આઠ મહિના સેવા આપી હતી. આ સિવાય તેમણે દરેક રાજવીઓની જેમ વોર લોનમાં પણ નાણાંકીય મદદ કરી હતી. આથી બ્રિટીશ સરકારે તેમની કદર કરી ઈ.સ.૧૯૧૮માં કેપ્ટનનો માનદ હોદ્દો આપ્યો અને રાજ્યને આપાતી ૯ તોપની સલામી માંથી ૧૧ તોપની સલામી કરી આપી હતી. અમરસિંહજીએ પ્રથમ વિશ્વયુદ્ધના વિજયની યાદમાં વિજયના સ્મારક તરીકે વાંકાનેરમાં કાળવા ટેકરી ઉપર એક ટાવર બંધાવ્યો હતો.

મૂલ્યાંકન

અમરસિંહજીએ દુરંદેશી દ્રષ્ટિવાળા વિચક્ષણ શાસક હતા. પોતે દેશ-પરદેશના અનેક પ્રવાસો કરી પોતાની દ્રષ્ટિને વિશાળ અને બહુમુખી પ્રતિભાશીલ બનાવી હતી. જેનો લાભ તેમની પ્રજા અને વહીવટીતંત્રને થયો હતો. તેમના રાજ્ય સંચાલનની કામગીરી ઉપર નજર કરતાં તેઓ પૂર્ણપણે સફળ શાસક રહ્યા હોય તેમ લાગે છે. તેમના કોઇપણ નિર્ણયો રાજ્ય રાજ્ય વચ્ચેના સંબંધો, ભાયાતો સાથેના સંબંધો આ બધું જ તપાસતા પોતે બધા વચ્ચે સુમેળ અને સુવ્યવહારુ શાસન સ્થાપવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. આથી જ ઈતિહાસને પાને તેમને આધુનિક વાંકાનેરના ઘડવૈયા તરીકે તથા પ્રજાપ્રિય રાજવી તરીકે નોંધવામાં આવ્યા છે. અમરસિંહજી અને મોરબીના લખધીરસિંહજી બે એવા રાજવીઓ હતા કે જેમણે પોતાના હયાતીકાળ દરમ્યાન જ રાજ્યની પૂર્ણ સત્તા યુવરાજને સોંપી આપી હતી. આથી યુવરાજ પ્રતાપસિંહજીએ પિતાની હયાતીમાં જ શાસનતંત્ર સંભાળી તેમના આત્માને સંતોષ આપ્યો હતો. અમરસિંહજીના શાસનતંત્રને ૨૫ વર્ષ ૧૯૨૪માં પૂર્ણ થયા તેની યાદમાં વાંકાનેરની બજારમાં તેમની પ્રતિમા મૂકવામાં આવી હતી. તે પ્રતિમા આજે પણ તેમના સુચારુ વહીવટ અને પ્રજાપ્રેમની સાક્ષી પુરી રહી છે. અમરસિંહજી ઈ.સ.૧૯૪૮માં સૌરાષ્ટ્ર રાજ્યની પ્રથમ ધારાસભામાં અપક્ષ ઉમેદવાર તરીકે તેમની લોકપ્રિયતાને હિસાબે ચુંટાયા હતા, તેમનું અવસાન તા.૨૮-૦૬-૧૯૫૪ના રોજ થયું હતું. રૌપ્ય મહોત્સવના સન્માનના જવાબમાં અમરસિંહજીએ જણાવ્યું હતું કે "પ્રજા એ જ મારું ખરું ધન, પ્રજાનું સુખ તે મારું ખરું જીવન સાફલ્ય છે." અમરસિંહજી રાજવી કરતાં વધુ તો વાંકાનેરના વિકાસની ઝંખના કરતાં એક વડીલ હોય એવું પ્રજાજનોને લાગતું હતું.

ડૉ.પ્રદ્યુમ્ન ખાચર

વાંકાનેરનું રાજ્યચિન્હ

રાજ અમરસિંહજી –વાંકાનેર

રાજ્યચિન્હ વઢવાણ

શાક માર્કેટ –લીંબડી

ચંદ્ર વિલાસ પેલેસ –વઢવાણ

રણજીત વિલાસ પેલેસ- વાંકાનેર